## બોટાદ નગરપાલિકા- જાહેર નિવિદા

## કરાર આધારિત રક્ષકોની નિમણુક બાબત

બોટાદ શહેર વિસ્તારના જાહેર સ્થળો/નદી વિસ્તારમાં ગંદકી કરતા આસામીઓ સામે પગલાં લેવા તથા વહીવટી ચાર્જ વસુલ કરવા માટે કરાર આધારિત રક્ષકો રોકવા માટે તા.૨૦-૦૧-૨૦૨૫ના રોજ સાંજના ૬-૧૦ કલાક સુધીમાં સીલબંધ કવરમાં રુબરુ/બાય પોસ્ટ દ્વારા નગરપાલિકા કચેરી,બોટાદને મળે તે રીતે અરજી મંગાવવામાં આવે છે.

શરતો:-૧,સદરહું કામગીરી માટે સાદા કાગળ પર અરજી કરવાની રહેશે.(ઓછામાં ઓછો ધોરણ-૧૦ પાસ સુધીનો અભ્યાસ કરેલ હોવો જોઇએ. જે અંગેનો આધાર અરજી સાથે જોડવાના રહેશે.) ૨. અરજદાર પાસે મોટર સાયકલ/સ્કુટર હોવું જોઇએ. ૩.વિશેષ માહિતી માટે નગરપાલિકાનો સંપર્ક સાધવાનો રહેશે. ૪.ફિક્ષ વેતનની રકમ તથા કામગીરીની વિગતવાર માહિતી બોટાદ નગરપાલિકાની વેબસાઇટ www.botadnagarpalika.org પર જોવા મળશે.

સંપર્ક નં.૭૯૮૪૨૪૧૧૩૬

જા.નં.૩૬૩૬ તા.૦૩-૦૧-૨૦૨૫ ચીફ ઓફિસર -બોટાદ નગરપાલિકા

| ક્રમ | ફિકસ વેતનની રકમ રૂા. | કામગીરીની વિગત |
|---|---|---|
| ૧ | રૂા.૨૦૦૦૦/- | બોટાદ શહેર વિસ્તારના જાહેર રસ્તાઓ/જાહેર સ્થળો/નદી વિસ્તારમાં સતત દેખરેખ રાખી ગંદકી કરતા આસામીઓ સામે નગરપાલિકાની સુચના મુજબ પગલાં લેવા તથા ગંદકી કરતા આસામીઓ સામે વહીવટી ચાર્જની દરરોજની ઓછામાં ઓછી-૫(પાંચ)પહોચ ફાડી, રકમ વસુલ કરવાની કામગીરી |

- દરેક રક્ષકે નિયત યુનિફોર્મ પહેરવાનો રહેશે. જે નગરપાલિકા દ્વારા પૂરો પાડવામાં આવશે.
- સ્કુટર/મોટર સાયકલના વપરાશ અંગે પેટ્રોલનો ખર્ચ મળવાપાત્ર નથી.
- કસુરવારોના ગંદકી કરતા હોય તેવા ફોટો/વિડીઓ કલીપ શક્ય હોય ત્યાં સુધી રક્ષકે પોતાના મોબાઈલમાં લેવાના રહેશે.
- ગંદકી કરનાર મહિલા હોય તેવા કિસ્સામાં સંપૂર્ણ વિવેકપૂર્ણ ભાષામાં વાત કરવાની રહેશે.
- રક્ષકે તેમને સુપ્રત કરાયેલ વિસ્તારમાં આવેલી નગરપાલિકાની મિલકતોની પણ પેટ્રોલિંગ કરીને દેખરેખ કરતા રહેવાની રહેશે.
- દરેક રક્ષકને વહીવટી ચાર્જ વસુલવા અધિકૃત કરાયા અંગેની તેમના ફોટોગ્રાફ સહિતની જાહેરાત પ્રસિધ્ધ કરશે. જેથી નાગરિકોને તે માહિતી મળી રહે.
- ઉમેદવારી કરનારનું પોલીસ વેરીફેકેશન કરાવવામાં આવશે.

Scanned with OKEN Scanner